रेलवे भर्ती बोर्ड | RAILWAY RECRUITMENT BOARD
सीईएन ०१/२०२६ सहायक लोको पायलट (एएलपी) के पद पर भर्ती
CEN 01/2026 Recruitment of Assistant Loco Pilot (ALP)

Test Date	03/11/2026
Test Time	12:30 PM - 1:30 PM
Subject	RRB ALP 2026 CBT 1

*** Note**
Correct Answer will carry 1 mark per Question.
Incorrect Answer will carry 1/3 Negative mark per Question.

1. Options shown in green color with a tick icon are correct.
2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.

Section : **RRB ALP**

Q.1 કેશવ પોઈન્ટ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને પશ્ચિમ તરફ 13 km વાહન ડ્રાઇવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 11 km વાહન ડ્રાઇવ કરે છે, ડાબો વળાંક લે છે અને 15 km વાહન ડ્રાઇવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 16 km વાહન ડ્રાઇવ કરે છે. તે છેલ્લો ડાબો વળાંક લે છે, 2 km વાહન ડ્રાઇવ કરે છે અને પોઈન્ટ P પર અટકે છે. પોઈન્ટ A સુધી ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે સિવાય કે ઉલ્લેખિત હોય.)

Ans
- ✔ A. 5 km દક્ષિણ તરફ
- ✘ B. 3 km ઉત્તર તરફ
- ✘ C. 4 km દક્ષિણ તરફ
- ✘ D. 4 km ઉત્તર તરફ

Q.2 સંખ્યા 16611 એ નીચેનામાંથી કઈ સંખ્યા વડે વિભાજ્ય છે?

Ans
- ✘ A. 54
- ✘ B. 42
- ✔ C. 49
- ✘ D. 55

Q.3 નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) Y Z T G N K E B A P L O Y U N E O B F V T K S A O D X (જમણી બાજુ)

આપેલી શ્રેણીમાં જમણા છેડેથી ચોથા અક્ષર અને ડાબા છેડેથી ચોથા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
- ✘ A. ચાર
- ✘ B. છ
- ✔ C. પાંચ
- ✘ D. ત્રણ

Q.4 નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબેથી જમણે કરવાની રહેશે

(ડાબી બાજુ) F & R T @ J Y C * S # U K L P $ B M જમણી બાજુ)

એવા કેટલા અક્ષરો છે, જેમાંના દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

Ans
- ✗ A. ત્રણ
- ✗ B. એક પણ નહીં
- ✓ C. એક
- ✗ D. બે

Q.5 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધઃ અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✓ A. TQ–LL
- ✗ B. NK–GD
- ✗ C. LI–EB
- ✗ D. IF–BY

Q.6 એક દુકાનદાર પોતાના માલને તેની પડતર કિંમત કરતાં ચોક્કસ ટકા વધારે પર ચિહ્નિત કરે છે. ચિહ્નિત કિંમત પર 15% ડિસ્કાઉન્ટ આપ્યા પછી, તે 5% નફો મેળવે છે. તેણે પોતાના માલને તેની પડતર કિંમત કરતાં કેટલા ટકા વધારે પર ચિહ્નિત કર્યો હશે? (બે દશાંશ સ્થાનોના જવાબને પૂર્ણ કરો.)

Ans
- ✓ A. 23.53%
- ✗ B. 20.28%
- ✗ C. 17.04%
- ✗ D. 30.37%

Q.7 $\frac{3.8^4 - 4.9^4}{3.8^2 + 4.9^2}$ નું મૂલ્ય શોધો.

Ans
- ✗ A. 8.75
- ✗ B. -7.56
- ✗ C. 1.18
- ✓ D. -9.57

Q.8 જો 4x + 5y = 174 અને $\frac{3x}{2y} = \frac{12}{11}$ હોય, તો $y^2 - x^2$ નું મૂલ્ય કેટલું થાય?

Ans
- ✗ A. 154
- ✗ B. 168
- ✓ C. 228
- ✗ D. 208

Q.9 HARMFUL શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનતા અક્ષરોના નવા સમૂહમાં ડાબી બાજુએથી ત્રીજા સ્થાને અને જમણી બાજુએથી ત્રીજા સ્થાને આવતા અક્ષરોની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવશે?

Ans
- ✗ A. 3
- ✗ B. 5
- ✗ C. 7
- ✓ D. 4

blackbook

Q.10 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પર આધારિત એક યોક્કસ તર્ક મુજબ **AROW** એ **HYVD** સાથે સંબંધિત છે. તે જ રીતે, **CTQY** એ **JAXF** સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસરીને, આપેલા વિકલ્પોમાંથી **XOLT** કોની સાથે સંબંધિત હશે?

Ans

✗ A. EASW

✗ B. ESQW

✗ C. EXCD

✓ D. EVSA

Q.11 એક કારના રેડિએટરમાં 62% એન્ટિફ્રીઝનું દ્રાવણ હોવું જોઈએ. એક મોટરચાલક પાસે 33% એન્ટિફ્રીઝ ધરાવતું 13 લિટર દ્રાવણ છે. 62% એન્ટિફ્રીઝનું દ્રાવણ બનાવવા માટે તેણે તેના દ્રાવણમાં 97% એન્ટિફ્રીઝ ધરાવતું કેટલા લિટર (બે દશાંશ સ્થાન સુધી) પ્રવાહી ઉમેરવું જોઈએ?

Ans

✗ A. 7.76

✗ B. 13.29

✓ C. 10.77

✗ D. 14.64

Q.12 એક ત્રિકોણની બાજુઓ 10 એકમ, 9 એકમ અને x એકમ છે. x ના કયા મૂલ્ય માટે ત્રિકોણનું ક્ષેત્રફળ મહત્તમ થશે?

Ans

✗ A. $\sqrt{171}$

✓ B. $\sqrt{181}$

✗ C. $\sqrt{151}$

✗ D. $\sqrt{161}$

Q.13 એક દુકાનદાર ₹50 પ્રતિ કિલો અને ₹70 પ્રતિ કિલોની કિંમતના બે પ્રકારના ચોખા 3:2 ના ગુણોત્તરમાં ભેળવે છે. જો મિશ્રણ ₹66 પ્રતિ કિલોની કિંમતે વેચાય છે, તો નફાની ટકાવારી કેટલી છે? (તમારા જવાબને બે દશાંશ સ્થાનો પર પૂર્ણ કરો.)

Ans

✗ A. 10.48%

✓ B. 13.79%

✗ C. 8.23%

✗ D. 15.62%

Q.14 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

OLH–LIE
EBX–BYU

Ans

✗ A. TPK–PMI

✗ B. TQM–PNI

✗ C. TPK–QNJ

✓ D. TQM–QNJ

Q.15 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
5 લાકડીઓ, K, S, P, H અને T, દરેકની ઊંચાઈ અલગ અલગ છે, તેમાંથી કઈ લાકડી સૌથી ઊંચી છે?

વિધાનો:
(I) K એ H કરતા ઊંચી છે પણ T કરતાં નીચી છે. K એ માત્ર એક લાકડી કરતાં નીચી છે.
(II) H એ S કરતાં ઊંચી છે.

Ans

✓ A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.16 નીચે સંખ્યાના બે સમૂહો આપેલા છે, દરેક સમૂહમાં, પ્રથમ સંખ્યા પર યોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે. એજ રીતે બીજી સંખ્યા પર યોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આમ આ ક્રિયા આગળ ચાલુ રહે છે. કયો વિકલ્પ આ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા સમૂહ દ્વારા અનુસરવામાં આવી છે?

(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ કરવા માટે વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાશે નહીં, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ક્રિયા 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી.)

39 - 273 - 278 - 277
30 - 210 - 215 - 214

Ans
- ✔ A. 27 - 189 - 194 - 193
- ✘ B. 16 - 114 - 121 - 120
- ✘ C. 1 - 8 - 13 - 14
- ✘ D. 10 - 82 - 87 - 86

Q.17 **B, E, G, R, U** અને **V** એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને **1**, તેની ઉપરના માળને **2** અને તે જ મુજબ આગળ વધતાં સૌથી ઉપરના માળનો ક્રમાંક **6** છે. **U** રહે છે ત્યાંનો માળક્રમાક એકી સંખ્યા છે પરંતુ તે માળક્રમાંક **3** નથી. **U** અને **E** જે માળ પર રહે છે તેમના ક્રમાંકોનો સરવાળો **7** થાય છે. **G** એ **B** ની લગોલગ નીચેના માળ પર રહે છે. **V** સૌથી ઉપરના માળ પર રહે છે. તો **B** ની નીચે તરફ કેટલા લોકોના માળ છે?

Ans
- ✔ A. 3
- ✘ B. 4
- ✘ C. 1
- ✘ D. 2

Q.18 આ પ્રશ્ન નીચે આપેલ શબ્દો પર આધારિત છે.

COX VIE IRE HOD

દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના પહેલા આવતા દ્વિતીય અક્ષર વડે બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરના ક્રમમાં તેની તરત પછી આવતા અક્ષર વડે બદલવામાં આવે છે. આ રીતે બનેલ કેટલા અક્ષર સમૂહોમાં, કોઈ સ્વર જોવા મળશે નહીં?

Ans
- ✘ A. ચાર
- ✔ B. ત્રણ
- ✘ C. એક
- ✘ D. બે

Q.19 એક યોક્કસ કૂટ ભાષામાં, '**HVBN**' ને '**46**' તરીકે અને '**LAQJ**' ને '**40**' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. તે ભાષામાં '**ITCR**' માટેનો કૂટ (કોડ) શું છે?

Ans
- ✔ A. 50
- ✘ B. 44
- ✘ C. 56
- ✘ D. 41

Q.20 જો $75^{0.58} = x$, $75^{0.76} = y$ અને $x^z = y^9$ હોય, તો z નું મૂલ્ય શોધો. (તમારા જવાબને સૌથી નજીકના પૂર્ણાંકમાં આવરી લો)

Ans
- ✔ A. 12
- ✘ B. 13
- ✘ C. 14
- ✘ D. 11

Q.21 ₹10,000 ની રકમને વાર્ષિક 10% ના વ્યાજના દરે, 2 વર્ષ માટે રોકાણ કરવામાં આવે છે. તો 2 વર્ષના અંતે મળતા ચક્રવૃદ્ધિ વ્યાજ (વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતું) અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત કેટલો થશે?

Ans
- ✘ A. ₹50
- ✔ B. ₹100
- ✘ C. ₹200
- ✘ D. ₹150

Black book

Q.22 એક યોક્કસ કોડ ભાષામાં, 'GEAR' ને '7543' તરીકે અને 'REAP' ને '3257' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી કોડ ભાષામાં 'P' માટેનો કોડ શું થશે?

Ans
- ✗ A. 7
- ✗ B. 3
- ✓ C. 2
- ✗ D. 4

Q.23 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
5 લાકડીઓમાં, E, B, I, C અને Q, દરેકની અલગ અલગ ઊંચાઈ છે, તો કઈ લાકડી સૌથી ઊંચી છે?

વિધાનો:
(I) E એ B કરતાં નીચી છે પરંતુ I કરતાં ઊંચી છે.
(II) I એ C કરતાં ઊંચી છે પરંતુ Q કરતાં નીચી છે.

Ans
- ✗ A. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.24 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 594 247 578 426 947 (જમણી બાજુ)

(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
(નોંધ: બધી સંક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબેથી જમણે કરવાની છે.)

જો સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકને સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે તો શું પરિણામ આવશે?

Ans
- ✗ A. 10
- ✗ B. 6
- ✓ C. 14
- ✗ D. 18

Q.25 $PQ \parallel RS$ અને AB એ છેદક છે જે PQ ને X પર અને RS ને Y પર સ્પર્શે છે. જો $\angle PXA = 120^\circ$ હોય તો, $\angle PXY$ શોધો.

Ans
- ✓ A. 60°
- ✗ B. 30°
- ✗ C. 120°
- ✗ D. 90°

Q.26 અનિલ બિંદુ (પોઈન્ટ) A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને પૂર્વ તરફ 10 km ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે, 7 km ડ્રાઇવ કરે છે, જમણે વળે છે અને 13 km ડ્રાઇવ કરે છે. ત્યારબાદ તે જમણો વળાંક લે છે અને 12 km ડ્રાઇવ કરે છે. તે છેલ્લો જમણો વળાંક લઈને 3 km ડ્રાઇવ કરે છે અને પોઈન્ટ P પર રોકાય છે. પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી) ના વળાંકો છે સિવાય કે અન્ય કંઈ ઉલ્લેખિત હોય.)

Ans
- ✓ A. 5 km દક્ષિણ તરફ
- ✗ B. 3 km દક્ષિણ તરફ
- ✗ C. 2 km દક્ષિણ તરફ
- ✗ D. 4 km દક્ષિણ તરફ

Q.27 આપેલ શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

235 172 141 126 119 ?

Ans

✗ A. 121

✗ B. 115

✗ C. 120

✓ D. 116

Q.28 તમે 150 ચોરસ સેન્ટીમીટરનું કુલ દ્રશ્યમાન પૃષ્ઠફળ ધરાવતી સમઘન પર આધારિત એક કલાત્મક શિલ્પની રચના કરવા માંગો છો. જો સમઘનની માત્ર ત્રણ બાજુઓ (ફલક) જ દ્રશ્યમાન થવાની હોય, તો તે સમઘનની ધારની લંબાઈ (સેન્ટીમીટરમાં) કેટલી હોવી જોઈએ?

Ans

✗ A. $7\sqrt{2}$

✗ B. 5

✓ C. $5\sqrt{2}$

✗ D. $2\sqrt{5}$

Q.29 કાર્પેટ અને પડદાવાળા વર્ગખંડની સરખામણીમાં ખાલી દીવાલો અને ટાઇલ્સવાળા ફ્લોર ધરાવતા વર્ગખંડમાં પડઘો કે અનુરણન (Reverberation) કેમ વધુ પડતા હોય છે?

Ans

✗ A. મોટા રૂમો હંમેશા વધુ અનુરણન પેદા કરે છે

✗ B. વિદ્યાર્થીઓનો અવાજ રૂમ દ્વારા પ્રવર્ધિત થાય છે

✗ C. જાડી દીવાલો વધુ અવાજ પકડી રાખે છે, જેના કારણે પડઘા પડે છે

✓ D. કઠણ સપાટીઓ વધુ અવાજ પરાવર્તિત કરે છે, જેના કારણે અનુરણન વધે છે

Q.30 એક યોક્કસ તર્કને અનુસરીને 18 એ 325 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 6 એ 37 સાથે સંબંધિત છે. તો તે જ તર્કને અનુસરીને 17 એ નીચેમાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે.
13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans

✗ A. 288

✓ B. 290

✗ C. 291

✗ D. 292

Q.31 ખાદ્ય શૃંખલાઓ (food chains)માં સામાન્ય રીતે ફક્ત ત્રણ કે ચાર પગલાં જ કેમ હોય છે?

Ans

✗ A. ઉત્પાદકો પૂરતો ખોરાક બનાવી શકતા નથી

✓ B. દરેક આહાર સ્તરે (trophic level) ઉર્જાનો નોંધપાત્ર વ્યય થાય છે

✗ C. સંખ્યામાં, શાકાહારીઓ માંસાહારી પ્રાણીઓ કરતાં વધુ છે

✗ D. ઇકોસિસ્ટમમાં ફક્ત થોડી પ્રજાતિઓ જ અસ્તિત્વ ધરાવે છે

Q.32 આ પ્રશ્ન નીચે આપેલા શબ્દો પર આધારિત છે.

OAK JOE FED IMP

દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પછી આવતા અક્ષરથી બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પહેલા આવતા અક્ષરથી બદલવામાં આવે, તો આ રીતે બનેલા કેટલા અક્ષર-સમૂહમાં, કોઈ સ્વર દેખાશે નહીં?

Ans

✗ A. ચાર

✓ B. એક

✗ C. ત્રણ

✗ D. બે

black book

Q.33 નીચેના સમૂહીકૃત ડેટાનો મધ્યસ્થ શોધો

વર્ગ અંતરાલ	15-23	23-31	31-39	39-47	47-55
આવર્તન	3	7	10	6	4

Ans
- ✗ A. 24
- ✗ B. 28
- ✓ C. 35
- ✗ D. 36

Q.34 **L, M, N, O, G, H અને I માંથી દરેક વ્યક્તિની પરીક્ષા એક જ અઠવાડિયાના સોમવારથી શરૂ કરીને રવિવાર સુધીના અલગ-અલગ દિવસે છે. માત્ર ત્રણ જ લોકોની પરીક્ષા M પછી છે. O અને M ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિની પરીક્ષા છે. O ની પરીક્ષા M ની પહેલાં છે. N અને O ની વચ્ચે માત્ર ચાર લોકોની પરીક્ષા છે. L ની પરીક્ષા O પછીના કોઈ એક દિવસે છે. H ની પરીક્ષા G ના તરત જ પહેલાના દિવસે છે. તો G અને L ની વચ્ચે કેટલા લોકોની પરીક્ષા છે?**

Ans
- ✗ A. ત્રણ
- ✗ B. એક
- ✓ C. બે
- ✗ D. ચાર

Q.35 **આપેલી શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?**

35, 39, 47, 59, 75, ?

Ans
- ✓ A. 95
- ✗ B. 96
- ✗ C. 94
- ✗ D. 97

Q.36 **એક નળ એક ટાંકીને 6 કલાકમાં ભરી શકે છે. જ્યારે બીજો નળ તે સંપૂર્ણ ભરેલી ટાંકીને 12 કલાકમાં ખાલી કરી શકે છે. જો શરૂઆતમાં ટાંકી સાવ ખાલી હોય અને બંને નળ એકસાથે ખોલવામાં આવે, તો ટાંકીનો ત્રણ-ચતુર્થાંશ ભાગ ભરાતા કેટલો સમય (કલાકમાં) લાગશે?**

Ans
- ✗ A. 27
- ✓ B. 9
- ✗ C. 18
- ✗ D. 36

Q.37 **16 સભ્યોની એક કંપની ટીમની સરેરાશ ઉંમર 40 વર્ષ છે, જ્યારે કે 4 સભ્યોની બીજી ટીમની સરેરાશ ઉંમર 30 વર્ષ છે. બધા 20 ટીમના સભ્યોની સંયુક્ત સરેરાશ ઉંમર કેટલી છે?**

Ans
- ✗ A. 34 વર્ષ
- ✗ B. 40 વર્ષ
- ✗ C. 36 વર્ષ
- ✓ D. 38 વર્ષ

Q.38 **એક દુકાનદારે એકસરખા છ મોબાઇલ ફોન ₹75,000 માં ખરીદ્યા. તેણે તેમાંથી બે મોબાઇલ ફોન ₹66,000 માં વેચ્યા. તો વેચેલા બે મોબાઇલ ફોન પર તેને કેટલા ટકા નફો થયો?**

Ans
- ✗ A. 166%
- ✓ B. 164%
- ✗ C. 167%
- ✗ D. 165%

Q.39 **જ્યારે મંદ હાઇડ્રોક્લોરિક એસિડ સોડિયમ કાર્બોનેટ સાથે પ્રક્રિયા કરે છે ત્યારે કયો વાયુ મુક્ત થાય છે?**

Ans
- ✗ A. ક્લોરિન વાયુ મુક્ત થાય છે
- ✗ B. હાઇડ્રોજન વાયુ મુક્ત થાય છે
- ✗ C. સલ્ફર ડાયોક્સાઇડ વાયુ મુક્ત થાય છે
- ✓ D. કાર્બન ડાયોક્સાઇડ વાયુ મુક્ત થાય છે

Black book

Q.40 **TRASHED** શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત પછી આવતા અક્ષર દ્વારા બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પહેલા આવતા અક્ષર દ્વારા બદલવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના જૂથમાં નીચેનામાંથી કયો અક્ષર ડાબી બાજુથી ત્રીજો હશે?

Ans
- ✔ A. B
- ✘ B. R
- ✘ C. G
- ✘ D. Q

Q.41 જો **'A'** નો અર્થ '÷', **'B'** નો અર્થ '×', **'C'** નો અર્થ '+' અને **'D'** નો અર્થ '−' હોય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

25 D 8 B 12 A 6 C 34 = ?

Ans
- ✔ A. 43
- ✘ B. 45
- ✘ C. 44
- ✘ D. 41

Q.42 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે **EHFJ** એ અમુક ચોક્કસ રીતે **FIGK** સાથે સંબંધિત છે. તે જ રીતે, **WZXB** એ **XAYC** સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, **ADBF** એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
- ✘ A. BDBG
- ✔ B. BECG
- ✘ C. BFBI
- ✘ D. BEBG

Q.43 ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ રાજ્યને કુટીર ઉદ્યોગો (cottage industries)ના વિકાસને પ્રોત્સાહન આપવાનો આદેશ આપે છે?

Ans
- ✘ A. અનુચ્છેદ 44
- ✘ B. અનુચ્છેદ 48
- ✔ C. અનુચ્છેદ 43
- ✘ D. અનુચ્છેદ 40

Q.44 જો 678214 સંખ્યાના દરેક એકી અંકમાં 2 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 1 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં કેટલા અંકો એક કરતાં વધુ વખત આવશે?

Ans
- ✘ A. ત્રણ
- ✘ B. બે
- ✔ C. એક
- ✘ D. એક પણ નહીં

Q.45 નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.
(ડાબી બાજુ) B E H K M Z U X J C A P D F W J I V N U R O Y (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી એક સ્વર આવે છે?

Ans
- ✘ A. એક પણ નહીં
- ✔ B. એક
- ✘ C. બે
- ✘ D. ત્રણ

Black book

Q.46 એક ફ્રીલાન્સર તેની માસિક આવકના 72% ખર્ચ કરે છે અને બાકીની રકમની બચત કરે છે. જો તેની માસિક આવક ₹25,000 હોય, તો તે દર મહિને કેટલી રકમની (₹માં) બચત કરે છે?

Ans
- ✗ A. 6,500
- ✗ B. 8,000
- ✗ C. 7,500
- ✓ D. 7,000

Q.47 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✗ A. YBE
- ✗ B. TWZ
- ✓ C. FLI
- ✗ D. EHK

Q.48 એક વ્યક્તિએ 4 વર્ષ માટે 6% ના વાર્ષિક સાદા વ્યાજના દરે ₹56,500 નું રોકાણ કર્યું. 4 વર્ષ પછી તેને મળનારી રકમ (₹ માં) શોધો.

Ans
- ✓ A. 70,060
- ✗ B. 72,600
- ✗ C. 72,060
- ✗ D. 70,600

Q.49 જો અધિચ્છદીય પેશી (Epithelial tissue) ક્ષતિગ્રસ્ત થાય અને તેની નીચે આવેલી પેશીઓ ખુલ્લી થઈ જાય, તો સંભવિત તાત્કાલિક પરિણામ શું થઈ શકે?

Ans
- ✗ A. ક્ષતિગ્રસ્ત પેશીનું તાત્કાલિક રૂઝ
- ✗ B. પદાર્થોનું વર્ધિત શોષણ
- ✗ C. અંતઃસ્રાવનો વધતો સ્રાવ
- ✓ D. જંતુઓના પ્રવેશ અને ચેપનું વધતું જોખમ

Q.50 સંખ્યાઓ 27, 18 અને 36 પ્રમાણમાં છે. તો ચતુર્થ પ્રમાણપદ કેટલું છે?

Ans
- ✗ A. 22
- ✓ B. 24
- ✗ C. 26
- ✗ D. 20

Q.51 મે 2026 માં, કેરળ સ્થિત કઈ ફેબલેસ સેમિકન્ડક્ટર સ્ટાર્ટઅપ કંપનીએ સ્માર્ટ સર્વેલન્સ કેમેરા, એજ AI બોક્સ (edge AI boxes) અને વીડિયો ગેટવે માટે ખાસ ડિઝાઇન કરાયેલી ભારતની સૌપ્રથમ સ્વદેશી AI સિસ્ટમ-ઓન-ચિપ (SoC) લોન્ચ કરી હતી?

Ans
- ✗ A. માઇન્ડગ્રોવ ટેક્નોલોજીસ (Mindgrove Technologies)
- ✗ B. ઇનકોર સેમિકન્ડક્ટર્સ (InCore Semiconductors)
- ✗ C. સાંખ્ય લેબ્સ (Saankhya Labs)
- ✓ D. નેત્રાસેમી (Netrasemi)

Q.52 $\frac{\sqrt{\sec^2 A - 1}}{1 - \cot A} + \frac{\sqrt{\operatorname{cosec}^2 A - 1}}{1 - \tan A} - 1 - \sqrt{\sec^2 A - 1} - \sqrt{\operatorname{cosec}^2 A - 1}$ નું મૂલ્ય શોધો.

Ans
- ✗ A. 3
- ✗ B. tan A
- ✗ C. tan A + cot A
- ✓ D. 4

black book

Q.53 વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?
BSP 13, DPR 21, FMT 29, HJV 37, ?

Ans
- ✗ A. HGY 43
- ✓ B. JGX 45
- ✗ C. KHW 41
- ✗ D. GHX 43

Q.54 સાત વ્યક્તિઓ પીહુ, કુનુર, રીટા, સિયા, ટીના, ઉમેશ અને વિવેક એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. ઉમેશ એ સિયાની જમણી બાજુ બીજા સ્થાને અને કુનુરની ડાબી બાજુ બીજા સ્થાને બેસે છે. વિવેક એ કુનુરની ડાબી બાજુ ત્રીજા સ્થાને બેસે છે. પીહુ એ ટીનાની જમણી બાજુ બીજા સ્થાને બેસે છે. જયારે ટીનાની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે, તો સિયા અને ટીનાની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
- ✗ A. એકપણ નહીં
- ✓ B. બે
- ✗ C. ત્રણ
- ✗ D. એક

Q.55 દ્વિપદ નામકરણ (Binomial nomenclature) માં જાતિનું નામ એ સજીવોના એવા સમૂહનો નિર્દેશ કરે છે કે જેઓ _____ અને સંતતિ ઉત્પન્ન કરવા માટે સક્ષમ છે.

Ans
- ✗ A. સ્પર્ધા (Competing)
- ✓ B. આંતરપ્રજનન (interbreeding)
- ✗ C. સ્થળાંતર (migrating)
- ✗ D. શીતસમાધિ (hibernating)

Q.56 ટોની અને ક્રિસની હાલની ઉંમરનો સરવાળો 20 વર્ષ છે. આજથી ચાર વર્ષ પહેલાં, ક્રિસની ઉંમર ટોનીની તે સમયની ઉંમર કરતાં અડધી હતી. હાલમાં ટોનીની ઉંમર (વર્ષોમાં) કેટલી છે?

Ans
- ✓ A. 12
- ✗ B. 5
- ✗ C. 17
- ✗ D. 2

Q.57 સાત બોક્સ, C, D, E, F, X, Y અને Z પૈકી દરેકને એકબીજાની ઉપર ગોઠવવામાં આવ્યા છે પરંતુ જરૂરી નથી કે આ જ ક્રમમાં હોય. X ની ઉપર માત્ર ત્રણ બોક્સ રાખવામાં આવ્યા છે. F અને X ની વચ્ચે માત્ર એક બોક્સ છે. F અને C ની વચ્ચે માત્ર ત્રણ બોક્સ રાખવામાં આવ્યા છે. C એ X ની ઉપર કોઈ એક જગ્યાએ છે. E એ C ની તરત નીચે છે. Z એ D ની ઉપરની કોઈ એક જગ્યાએ છે. Y ને F ની તરત ઉપર કે નીચે રાખવામાં આવ્યું નથી. સૌથી નીચેના સ્થાને કયું બોક્સ છે?

Ans
- ✗ A. X
- ✗ B. Y
- ✓ C. D
- ✗ D. C

Q.58 ગરમ આલ્કલાઇન $KMnO_4$ ની હાજરીમાં ઇથેનોલનું ઓક્સિડેશન થવાથી _____ બને છે.

Ans
- ✗ A. ઇથાઈલ એસિટેટ (Ethyl acetate)
- ✗ B. એસીટોન (Acetone)
- ✗ C. ઇથેનાલ (Ethanal)
- ✓ D. ઇથેનોઇક એસિડ (Ethanoic acid)

Q.59 P, Q, R, S અને T એ અલગ અલગ ગુણ મેળવ્યા છે. માત્ર બે લોકોએ S કરતાં વધુ ગુણ મેળવ્યા છે. P એ T કરતાં વધુ પરંતુ R કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. Q એ સૌથી વધુ ગુણ મેળવ્યા છે.
તો કોણે બીજા ક્રમે સૌથી વધુ ગુણ મેળવ્યા છે?

Ans
- ✗ A. T
- ✗ B. S
- ✓ C. R
- ✗ D. P

blackbook

Q.60 એક યોક્કસ કોડ ભાષામાં, 'GLOW' ને '5928' તરીકે અને 'LOWS' ને '2894' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી કોડ ભાષામાં 'S' માટેનો કોડ શું થશે?

Ans
- ✗ A. 2
- ✗ B. 5
- ✓ C. 4
- ✗ D. 9

Q.61 એક નળાકાર સ્તંભનો વ્યાસ 140 cm અને ઊંચાઈ 50 m છે. તો સ્તંભની વક્ર સપાટીને ₹17 પ્રતિ m^2ના દરે રંગવાનો ખર્ચ શોધો.
$(\pi = \frac{22}{7}$ લો)

Ans
- ✗ A. ₹3,697
- ✗ B. ₹3,786
- ✗ C. ₹3,761
- ✓ D. ₹3,740

Q.62 જો 'A' નો અર્થ '÷', 'B' નો અર્થ '×', 'C' નો અર્થ '+' અને 'D' નો અર્થ '−' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

1 B 2 D 6 A 2 C 3 = ?

Ans
- ✗ A. 3
- ✗ B. 5
- ✗ C. 4
- ✓ D. 2

Q.63 આનંદ, અરવિંદ અને નવદીપે એક ભાગીદારીમાં પ્રવેશ કર્યો અને 8 : 10 : 9 ના ગુણોત્તરમાં રોકાણ કર્યું. વ્યવસાયના સમયગાળાના અંતે, તેઓએ તેમનો કુલ નફો 10 : 11 : 15 ના ગુણોત્તરમાં વહેંચ્યો. તેઓએ જે સમય માટે રોકાણ કર્યું હતું તેનો ગુણોત્તર શોધો.

Ans
- ✗ A. 85 : 66 : 100
- ✗ B. 75 : 76 : 100
- ✗ C. 75 : 66 : 90
- ✓ D. 75 : 66 : 100

Q.64 નીચે આપેલ શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?
6 16 46 136 406 ?

Ans
- ✗ A. 1214
- ✓ B. 1216
- ✗ C. 1220
- ✗ D. 1218

Q.65 જો FORGETS શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત રહેશે?

Ans
- ✗ A. 3
- ✓ B. 0
- ✗ C. 2
- ✗ D. 1

Q.66 ધ્વનિ તરંગની આવૃત્તિ 500 Hz છે અને તે 340 મીટર પ્રતિ સેકન્ડની ઝડપે મુસાફરી કરે છે. જો ગતિ યથાવત રહે અને આવૃત્તિને ઘટાડીને 250 Hz કરવામાં આવે, તો તરંગલંબાઇ કેટલી હશે?

Ans
- ✗ A. તે શૂન્ય બની જશે.
- ✓ B. તે બમણી થઈ જશે.
- ✗ C. તે અડધી થઈ જશે.
- ✗ D. તે સમાન રહેશે.

Black Book

Q.67 એક વ્યક્તિ કેટલાક સમય માટે 37 km/hr ની ઝડપે અને તેટલા જ સમાન સમય માટે 58 km/hr ની ઝડપે મુસાફરી કરે છે. તો આખી મુસાફરી માટે સરેરાશ ઝડપ કેટલી હશે?

Ans

✗ A. 48 km/hr

✓ B. 47.5 km/hr

✗ C. 42 km/hr

✗ D. 45.5 km/hr

Q.68 આઠ મિત્રો E, F, G, H, I, J, K અને L એક વર્તુળાકાર ટેબલની ફરતે કેન્દ્ર તરફ મોં કરીને બેસે છે.
K એ J ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે.
I એ L ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે.
F એ K અને I ની તરત બાજુમાં બેસે છે.
G એ H ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે.

L ના સંદર્ભમાં E નું સ્થાન શું છે?

Ans

✗ A. જમણી બાજુએ બીજુ

✗ B.
ડાબી બાજુએ ત્રીજુ

✗ C.
જમણી બાજુએ ચોથુ

✓ D.
જમણી બાજુએ ત્રીજુ

Q.69 જો નીચે આપેલા સમીકરણમાં '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

12 ÷ 14 – 13 + 120 × 5 = ?

Ans

✗ A. 189

✓ B. 157

✗ C. 115

✗ D. 129

Q.70 વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

EFG10 FHI12 GJK14 HLM16 ?

Ans

✗ A. JNO18

✗ B. IMO18

✗ C. JMO18

✓ D. INO18

Q.71 ધારો કે x એક વાસ્તવિક સંખ્યા છે અને Sin A = $\frac{x}{\sqrt{x^2+1}}$, tan B = $\frac{\sqrt{x^2+2}}{x}$ છે. જો Sec^2 A + $Cosec^2$ B = $\frac{85}{36}$ હોય, તો $32x^4+5$ નું મૂલ્ય શોધો.

Ans

✗ A. 9.6

✗ B. 11

✓ C. 7

✗ D. 12

Q.72 એક ચોક્કસ તર્કને અનુસરીને 12 એ 48 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, 14 એ 56 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 23 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે? (નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ (Operations) જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans

✗ A. 82

✓ B. 92

✗ C. 88

✗ D. 98

Q.73 એક ચોક્કસ કૂટ (કોડ) ભાષામાં, 'card log data' ને 'sw dr ej' તરીકે અને 'royal card ant' ને 'dr wq og' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. આપેલી ભાષામાં 'card' ને કેવી રીતે કૂટબદ્ધ કરવામાં આવે છે?

Ans

✓ A. dr

✗ B. wq

✗ C. sv

✗ D. ej

Q.74 ₹5,000 ની એક રકમ 3 વર્ષ માટે વાર્ષિક 6% ના ચક્રવૃદ્ધિ વ્યાજના દરે, અર્ધ-વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ વ્યાજ પામતા, ફિક્સ્ડ ડિપોઝિટ (બાંધી મુદતની થાપણ) ખાતામાં રાખવામાં આવે છે. તો પાકતી મુદતની રકમ (નજીકના પૂર્ણાંકમાં પૂર્ણ કરેલી) કેટલી થશે?

Ans

✗ A. ₹6,100

✗ B. ₹6,050

✗ C. ₹5,940

✓ D. ₹5,970

Q.75 ચુંબકીય ક્ષેત્રની સાપેક્ષ સ્ટ્રેંથ (relative strength) એ _____ ની ડિગ્રી (માત્રા) દ્વારા સૂચવવામાં આવે છે.

Ans

✗ A. ક્ષેત્ર રેખાઓની લંબાઇ

✗ B.
ફાઇલિંગ્સ (filings)ના રંગ

✓ C.
ક્ષેત્ર રેખાઓની નિકટતા (Closeness)

✗ D.
સામેલ ધ્રુવોની સંખ્યા

"

Black Book